(M)

— COPY —


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 708

તા:૦૫.૦૨.૨૦૧૯

શ્રીમતી રેમ્યાબેન મોહન, IAS
કલેકટરશ્રી - કચ્છ જિલ્લો,
જિલ્લા સેવા સદન,
ભૂજ - કચ્છ

<u>વિષય: અંજારમાં અકસ્માતો નિવારવા ભારે વાહનો માટે પ્રવેશબંધીનાં જાહેરનામાં સંબંધે વાંધા - સૂચનો બાબતે</u>

માનનિય બહેનશ્રી,

સવિનય જણાવવાનું કે અંજારમાં અક્સ્માતો નિવારવા માટે ભારે વાહનોની પ્રવેશબંધી કરવા ભીમાસરથી આવતાં કળશ સર્કલ થઈ યોગેશ્વર ચોકડીથી નાગલપર ચોકડી થઈને મુંદ્રા બાજુ જતાં ભારે તથા અતી ભારે માલવાહનોને સદરરૂટથી આવ-જાવ કરવા માટે માર્ગ બદલવાનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડેલ છે. આ વાહનોને વરસામેડી થઈ કંડલા એરપોર્ટ ચાર રસ્તા થઈ ઓવરબ્રિજ દ્વારા મુંદ્રા જાય તથા સિનોગ્રાથી ઓવરબ્રિજ થકી કંડલા એરપોર્ટ ચાર રસ્તા સુધી આવી વરસામેડી થઈને ભચાઉવાળા માર્ગનો ઉપયોગ કરવા પણ સદર પ્રાથમિક જાહેરનામામાં જણાવવામાં આવેલ છે. આ જાહેરનામામાં જો કોઇને વાંધા કે સૂચનો હોય તો ૩૦ દિવસમાં આપની કચેરીએ મોકલી આપવા જણાવેલ છે.

<u>વાંધા:</u>

આ સંદર્ભે અમારો વાંધો છે કે પ્રાથમિક જાહેરનામામાં જણાવ્યા અનુસાર જે રૂટ/માર્ગ બદલવાનું જણાવેલ છે ત્યાં ગંભીર અકસ્માતો થવાની પૂરેપૂરી સંભાવના છે અને અમારો વાંધો નીચેની હકિકતોને ધ્યાનમાં રાખીને રજુ કરવામાં આવેલ છે.

- વરસામેડી ગામ, આસપાસનો વિસ્તાર તથા એરપોર્ટ ચાર રસ્તાની આજુબાજુનાં વિસ્તારોમાં ૧૦૦ જેટલી રહેણાંકની સોસાયટીઓ આવેલ છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લગભગ ૫૦૦૦ મકાનો પણ આ રસ્તા પર બનેલ છે.
- આ વિસ્તારને ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી તરફથી રહેણાંક વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- અસંખ્ય મધ્યમ વર્ગ તથા મજુર વર્ગ વસવાટ કરે છે.
- આ વિસ્તારમાં એરપોર્ટ પણ આવેલ છે અને એરપોર્ટનો ટ્રાફીક પણ આ રસ્તા ઉપર બહોળા પ્રમાણમાં રહે છે.
- ધંધા - નોકરી અર્થે આજુબાજુનાં કારખાનાઓ અને કંપનીઓમાં અવર જવર કરવા માટે લાખો લોકો આ રોડ ઉપર આવ - જાવ કરે છે કારણકે તેમનાં માટે અન્ય કોઈ વિક્લ્પ નથી.
- આ માર્ગ પર હોલીડે વિલેજ રીસોર્ટ અને શર્મા રીસોર્ટ જેવી મોટી હોટલો પણ આવેલી હોવાથી લગ્નગાળા દરમ્યાન આ રોડ ઉપર ટુ વ્હિલર અને ફોર વ્હિલરની પણ ઘણી અવર-જવર રહે છે.

—— COPY ——

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI /



- દિલ્હી – અમદાવાદ – ભચાઉથી જે ટ્રાફીક આવે છે તેને ભીમાસર તરફ બદલવાની કોઈ જ જરૂરત રહેતી નથી. આ ટ્રાફીક સીધે સીધો નંદગામ-પડાણા-મીઠીરોહર-ગળપાદર-સીનુગ્રા થઈ મુંદ્રા જઈ શકે છે અને તેનાં અંતરમાં પણ વધારે ફર્ક પડતો નથી.

<u>સૂચનો</u>

- અત્યારે સામખીયાળીથી મુંદ્રા તરફ જતાં ૮૦% વાહનો ભચાઉ-નંદગામ-પડાણા-મીઠીરોહર-ગળપાદર થઇને જ ચાર માર્ગીય નેશનલ હાઇવે ઉપરથીજ જાય છે. જેમાં અંજાર કરતાં માત્ર ૪ કિ.મી. વધારે થાય છે. પરતું ૨૦% લોકો જ વાયા અંજર જાય છે. આપનાં સૂચીત જાહેરનામામાં ફેરફાર કરી વાયા મીઠીરોહર નેશનલ હાઇવેનો વિકલ્પ અપાય તો તકલીફ નિવારી શકાય. થોડા સમય પછી ભીમાસર અંજાર માર્ગ ચાર માર્ગીય નેશનલ હાઇવે બનાવવાનું કામ શરૂ થનાર છે તેથી આમ પણ આ રોડને ટ્રાફીક માટે બંધ કરવો જ પડશે.
- હાલનો માર્ગ ચાપલમાં મંદિર સુધી ૩૩.૨ કિ.મી. થાય છે જ્યારે જાહેરનામાં મુજબનો માર્ગ ચાપલમાં મંદિર સુધી ૩૮.૧ કિ.મી. નો થાય છે. અમારો સૂચિત માર્ગ ચાપલમાં મંદિર સુધી ૩૬.૨ કિ.મી થાય છે.

ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં રાખતાં આપનાં પ્રાથમિક જાહેરનામામાં ફેરફાર કરી વાયા મીઠીરોહર નેશનલ હાઇવેનો વિકલ્પ અપાય તો અકસ્માતો અને જાનહાની નિવારી શકાય.

આશા છે કે અમારા વાંધા – સૂચનોને ધ્યાનમાં રાખતાં અંતીમ જાહેરનામું એ અનુસાર જાહેર કરવામાં આવશે, એજ અપેક્ષા સહ....

આભાર...

આપનો વિશ્વાસુ,

દિનેશ ગુપ્તા
પ્રમુખ

નકલ રવાના: શ્રી વી.કે.જોષી, ડેપ્યુટી કલેક્ટર, અંજાર.